| દાખલ તારીખ | 15-12-2022 | | |
|---|---|---|---|
| રજી. તારીખ | 15-12-2022 | | |
| ફેંસલ તારીખ | | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**અમરેલીના મહે. થર્ડ એડી. સિનિયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ – અમરેલી.**

**ફોજદારી કેસ નં :– ૨૬૧૧/૨૦૨૨**
**આંક :–**

**ફરિયાદી :–** શ્રી સરકાર.

(અમરેલી તાલુકા પો. સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૫૫૪/૨૦૨૨.)

**વિરૂધ્ધ**

**આરોપી :–** સંજયભાઈ ઉર્ફે સુનિલ ભીમજીભાઈ ખુમાણ,

ઉ.વ.૨૭,ધંધો: મજુરી,

મુ. શેડુભાર,તા. જી. અમરેલી.

=====================================

**ગુન્હો :–ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ.**

=====================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.પી.મનસુરી.

આરોપી તરફે વિ.વ.શ્રી એ.પી.સોલંકી

=====================================

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૧૮/૦૬/૨૦૨૨ ના રોજ ક. ૧૯-૩૦ વાગ્યે શેડુભાર ગામે આરોપીએ ફરીયાદીને કહેલ કે મારી બંને બહેનોએ પોતાની મેળે પ્રેમ લગ્નકરેલ છે, તો તમો શું કામ ફોન કરો છો તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે ગમે તે બંને દિકરીઓ મારી છે તેમ કહેતા, આરોપીએ કહેલ કે પછી એકેય બહેનોને ફોન કરતો નહી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી, લોખંડનો પાઈપ લઈ, પાઈનો એક ઘા ડાબા પગનાં નળાના ભાગે મારતા ફરીયાદી નીચે પડી ગયેલ તેમજ શરીરે આડેધડ ઘા મારી મુંઢ ઈજા કરી ડાબા પગના પોંચા ઉપર ફેકચર કરી તેમજ સાહેદ વચ્ચે પડતા તેને પણ ધકકો મારી પછાડી દઈ ,તમો બંને જીવતા નહી રહેવા દઉ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડસંહિતની **કલમ-૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨)** મુજબનો ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ ફરીયાદ આપેલી. સદર ફરીયાદ આધારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ **ગુન્હા રજી.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૫૫૪/૨૦૨૨** થી ગુન્હો નોંધી ગુન્હાની તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સબંધીત સાહેદોના નિવેદનો નોંધી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્ર ેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપીને સમન્સ/પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીતેમના વકીલશ્રી મારફતે હાજર થતા તેમને ક્રિ.પ્રો.કોડની કલમ- ૨૦૭ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ **આંક-૧૦** થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, **આંક-૧૧** થી આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## // મૌખીક પુરાવો //

| અનુ નં. | સાહેદોના નામ. | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદી – ભીમજીભાઈ દાનાભાઈ ખુમાણની જુબાની. | ૧૬ |
| (૨) | સાહેદ – જયાબેન ભીમજીભાઈ ખુમાણની જુબાની | ૨૧ |

## // દસ્તાવેજી પુરાવો //

| અનુ નં. | દસ્તાવેજનુ વર્ણન. | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ. | ૧૭ |
| (૨) | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |
| (૩) | અટક પંચનામુ | ૧૯ |
| (૪) | એમ.એલ.સી. સર્ટીફિકેટ | ૨૦ |
| (૫) | કલોઝીગ પુરસીસ | ૨૨ |

**(૪)** ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી મૌખિક રીતે પુરાવો પુરો કરેલાનું જાહેર કરેલ. ત્યારબાદ રેકર્ડ ધ્યાને લેતા સદર ગુનામાં ફરીયાદીએ ફરીયાદને સમર્થન આપેલ ન હોય આરોપી વિરુધ્ધ સ્પષ્ટ પુરાવો પડતો ન હોય આરોપીનુ સી.આર.પી.સી. ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષે વિદવાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** ઉપરોકત કેસની હકીકતો સંજોગો તથા રજુ કરવામાં આવેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા –::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે,તા. ૧૮/૦૬/૨૦૨૨ ના રોજ ક. ૧૯–૩૦વાગ્યે શેડુભાર ગામે આરોપીએ ફરીયાદીને કહેલ કે મારી બંને બહેનોએ પોતાની મેળે પ્રેમ લગ્નકરેલ છે, તો તમો શું કામ ફોન કરો છો તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે ગમે તે બંને દિકરીઓ મારી છે તેમ કહેતા,

આરોપીએ કહેલ કે પછી એકેય બહેનોને ફોન કરતો નહી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી, લોખંડનો પાઈપ લઈ, પાઈનો એક ઘા ડાબા પગનાં નળાના ભાગે મારતા ફરીયાદી નીચે પડી ગયેલ તેમજ શરીરે આડેધડ ઘા મારી મુંઢ ઈજા કરી ડાબા પગના પોંચા ઉપર ફ્રેકચર કરી તેમજ સાહેદ વચ્ચે પડતા તેને પણ ધકકો મારી પછાડી દઈ ,તમો બંને જીવતા નહી રહેવા દઉ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડસંહિતની **કલમ-૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨)** મુજબનો ગુન્હો કરે મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>//પુરાવાનું મુલ્યાંકન અને કારણો //</u>**

**(૭)** આ કામે આરોપીસામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર નાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે, તથા હાલનાં ગુનામાં આરોપી વિરુઘ્ધની હકીકતો નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે તેમજ આરોપી તેની પત્ની સાથે માથાકુટ કરતા હોય જેથી ફરીયાદી તેને સમજાવવા જતા સમજેલ નહી અને ફરીયાદીને ગાળો આપી ઢીકા પાટુનો મુંઢ માર મારી તમામને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરી **ઈ.પી.કોડની કલમ-કલમ-૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬ (૨)** મુજબનો ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદપક્ષે રેકર્ડ પરના પુરાવાથી પુરવાર કરવું જરૂરી છે.

(૮) સૌ પ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદી- **ભીમજીભાઈ દાનાભાઈ ખુમાણનાઓને -૧૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સરતપાસ ઘ્યાને લેવામાં

આવે તો, '' આજથી દોઢ વર્ષ પહેલા પોલીસ ફરીયાદ આપેલી. ફરીયાદની હકિકત મુજબ બનાવના દિવસે તેઓને તેમની પત્ની ઘરે હતા ત્યારે તેમની દિકરીએ પ્રેમ લગ્ન કર્યા ત્યારથી ઘરના લોકો નારાજ હતા જે બાબતે તેમના દિકરા સુનિલને જણાવેલ કે દિકરીઓની તેમના ઘરે અવર જવર રહેશે જે બાબતે તેમના દિકરા સુનીલને નહીં ગમતા તેઓએ બોલાચાલી કરી, ઝઘડો કરેલો અને ચકક આવતા તેઓ પડી ગયેલ અને ઈજા થયેલી.તે વખતે તેમની પત્ની અવાજ સાંભળી આવેલી અને ઝઘડામાંથી છોડાવેલ, ઝઘડાનો દેકારો થતાં આજુ બાજુનાં ઘણાં માણસો ભેગા થઈ ગયેલા અને ત્યાંથી તેમનો દિકરો જતો રહેલ. ૧૦૮ આવતાં તેઓને તેમના પત્ની અમરેલી સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા ત્યાં સારવાર થયા બાદ સદર બનાવ અંગેની ફરીયાદ આપેલી જે ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે આંક–૧૭ થી રજુ છે.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદને સમર્થનકારક અન્ય કોઈ હકીકત સાહેદો ની ઉલટતપાસ દરમ્યાન ફલિત થયેલ નથી.

સદર ફરીયાદી એ બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે, '' બનાવ સમયે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નથી. બનાવ સમયે આરોપીના હાથમાં કોઈ હથીયાર હતા નહી. આરોપીએ કોઈ ગાળાગાળી, મારામારી કરેલ નથી અને ધમકી આપેલ નથી. '' આમ ફરીયાદીએ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ **જયાબેન ભીમજીભાઈ દાનાભાઈ ખુમાણનાઓને –૨૧**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો, '' તેઓના પતિએ આજથી દોઢ વર્ષ પહેલા પોલીસ ફરીયાદ આપેલી. ફરીયાદની હકિકત મુજબ બનાવના દિવસે તેઓને તેમના

પતિ ઘરે હતા ત્યારે તેમની દિકરીએ પ્રેમ લગ્ન કર્યા ત્યારથી ઘરના લોકો નારાજ હતા જે બાબતે તેમના દિકરા સુનિલને જણાવેલ કે દિકરીઓની તેમના ઘરે અવર જવર રહેશે જે બાબતે તેમના દિકરા સુનીલને નહીં ગમતા તેમના પતિ સાથે બોલાચાલી કરી, ઝઘડો કરેલો અને તેમના પતિને ચકક આવતા તેઓ પડી ગયેલ અને ઈજા થયેલી તે વખતે તેઓ અવાજ સાંભળી ગયેલા અને ઝઘડામાંથી તેમના પતિને છોડાવેલ, ઝઘડાનો દેકારો થતાં આજુ બાજુનાં ઘણાં માણસો ભેગા થઈ ગયેલા અને ત્યાંથી તેમનો દિકરો જતો રહેલ. ૧૦૮ આવતાં તેઓને તેમના પતિને અમરેલી સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા ત્યાં સારવાર થયા બાદ સદર બનાવ અંગેની ફરીયાદ તેમના પતિએ આપેલી. આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે.

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમ છતાં ફરીયાદને સમર્થનકારક અન્ય કોઈ હકીકત સાહેદો ની ઉલટતપાસ દરમ્યાન ફલિત થયેલ નથી.

સદર ફરીયાદી એ બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ રાખેલ છે કે, '' બનાવ સમયે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નથી. બનાવ સમયે આરોપીના હાથમાં કોઈ હથીયાર હતા નહી. આરોપીએ કોઈ ગાળાગાળી, મારામારી કરેલ નથી અને ધમકી આપેલ નથી. '' આમ ફરીયાદીએ ફરીયાદની હકિકતને લેશમાત્ર સમર્થન મળેલ આપેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે રજુ કરેલ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ, અટક પંચનામુ અને એમ.એલ.સી.સર્ટીફિકેટને આંકે પાડવા સામે વાંધો નથી તેવો શેરો આરોપીના વિ.વ.શ્રીએ કરેલ હોય, ફરીયાદપક્ષે સદર સાહેદોનેં તપાસેલ નથી. જેથી કોઈપણ દસ્તાવેજને આંક આપવા માત્રથી પુરવાર થઈ જતો નથી તેવું મારૂં માનવું છે. જેથી સદર કામે રજુ થયેલ પંચનામાઓ પુરવાર થયેલાનું માની શકાય નહી. સદર

કામે તપાસેલ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે દોઢ વર્ષ પહેલા પોલીસ ફરીયાદ આપેલી અને આરોપીએ તેઓની સાથે બોલાચાલી કરી, ઝઘડો કરેલ અને તેમને ચકકર આવતા પડી ગયેલ. આમ સદર ફરીયાદી હોસ્ટાઈલ જાહેર થયેલા છે ત્યારબાદની ઉલટમાં પણ તેઓએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી અને ઉલટ તપાસમાં જણાવે છે કે, આરોપી પાસે કોઈ હથીયાર હતા નહી, આરોપીએ કોઈ ગાળાગાળી કે મારા મારી કરેલ નથી અને ધમકી આપેલ નથી. આમ, જયારે પુરાવાથી શંકા ઉભી થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવું મારૂં માનવું છે.

(૧૧) સદર કામે મુળ ફરીયાદી ધ્વારા કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી કલોઝીંગ પુરશીશ આપેલ છે. વધુમાં સદર કેસના સજોગો ધ્યાને લેતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં નામ.સુપ્રિમ કોર્ટનો ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ ૮૫''સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન'' તથા(૨૦૦૮) ૯ એસ. સી. સી. ૬૭૭''નીખીલ મરચન્ટ વિ.સી.બી.આઈ''તથા(૨૦૦૮)૪ એસ.સી.સી.૫૮૨ ''મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ'' ના ચુકાદાઓમાં નામ. સુપ્રિમકોર્ટે ઠરાવેલ સિધ્ધંત કે જયારે આરોપીને તકસીરવાર ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોય ત્યારે કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા વ્યર્થ પ્રયત્નો કરવા ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૧૨) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, **આઈ.પી.સી. કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબ શરીરે આડેધડ ઘા મારી લોખંડના પાઈપ વડે પગના નળાના ભાગે માર મારી ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે રેકર્ડપરનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો કેસ

નિ:શંકપણે સાબિત થયો ન હોવાનું માની મુદા નં. ૨ નો જવાબ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**::– <u>આખરી હુકમ</u> –::**

(૧) આ કામે આરોપી સંજયભાઈ ઉર્ફે સુનિલ ભીમજીભાઈ ખુમાણ,રહે. શેડુભાર, તા.જી.અમરેલીવાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબના સજાપાત્ર અને દંડને પાત્ર ગુન્હામાં થી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે: બીન કિંમતી મુદામાલનો અપીલ સમય વિત્ય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(૨) મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો દિન–૭ માં રજુ રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૫ મી,** માહે : **જાન્યુઆરી,**સને–**૨૦૨૪** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમરેલી.** **(કે.એમ.વ્યાસ)**

**તારીખ : ૦૫ /૦૧/૨૦૨૪.** **ત્રીજા એડી.સિનિયર સિવિલ જજ અને**
**એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, અમરેલી.**
**જજ કોડ નં.જી.જે.૦૧૨૦૧**